ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।



# આર્ય વૈદિક દર્શન

**Arya Vaidik Darshan**

(Monthly)

**ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર**

सादगी उत्तम सुंदरता है, माफ करना उत्तम बल है, नम्रता उत्तम तर्क है, मित्रता उत्तम रिश्ता है, इनको धारण कर अपने जीवन को उत्तम बनायें।

| | | |
|---|---|---|
| सृष्टि संवत् | : | १,९६,०८,५३,११५ |
| विक्रम संवत् | : | २०७१ |
| दयानन्दाब्द | : | १९० |
| वर्ष | : | १ |
| अंक | : | ८ (अगष्ट-२०१४) |
| वार्षिक शुल्क | : | १०० रुपये |
| पृष्ठ संख्या | : | ८ |

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद-३८००२२ से प्रकाशित, सम्पादक-सुरेशचन्द्र अग्रवाल

## વેદ તરફ પાછા વળો...!
## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ શરૂ કર્યું અભિયાન

મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સમસ્ત સમસ્યાઓનાં સમાધાન માટે સંદેશ આપ્યો હતો... **વેદ તરફ પાછા વળો...!**

ઋષિની પ્રેરણાને સાકાર રૂપ આપવાનો પ્રયાસ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ શરૂ કર્યો છે. ગુજરાતના વધુમાં વધુ ગામોને વેદ, મહર્ષિ દયાનંદ અને આર્યસમાજનો પરિચય કરાવવાનું અભિયાન ચલાવવાની યોજના બનાવવામાં આવેલ છે. જેનો પ્રારંભ સુરેન્દ્રનગર જિલ્લાથી કરવામાં આવેલ છે. આ જિલ્લામાં ૬૮૦ ગામો અને ૯ તાલુકા છે. પ્રથમ ચરણમાં વઢવાણ તાલુકાને પસંદ કરવામાં આવ્યો. આ તાલુકામાં ૪૬ ગામો છે. જેની જવાબદારી આર્યસમાજ સુરેન્દ્રનગરે ઉપાડી. સહયોગ આર્યસમાજ વઢવાણનો રહ્યો. સમગ્ર અભિયાનનું આયોજન એ પ્રકારનું કરવામાં આવ્યું કે ૫-૬ ગામોનાં જૂથ બનાવવામાં આવ્યાં અને ભ્રમણ અર્થે રૂટ નિશ્ચિત કરવામાં આવ્યા. દરેક રૂટ ઉપર વેદરથ સાથે આર્યસમાજનાં કાર્યકર્તાઓ અને આર્યવિદ્વાનો અને વેદ પ્રત્યે શ્રદ્ધાભાવ રાખનાર અન્ય સંપ્રદાયનાં વડાઓ રહેતા. દરેક ગામોમાં જાહેર સ્થળોએ સભાનું આયોજન કરવામાં આવતું. વેદરથ ગામમાં પહોંચતા સ્થાનીય જનતા વાજતે-ગાજતે સ્વાગત કરવા તત્પર રહેતી હતી. લોકોની શ્રદ્ધાથી વાતાવરણ ઉત્સાહમય બની જતુ હતું.




**મંચાસીન મહાનુભાવો.**



**વેદસંહિતા અર્પણ કરતા સુરેશચંદ્રજી અગ્રવાલ**

વઢવાણ તાલુકાનાં તમામ ગામોમાં વેદ સંદેશ પહોંચાડવાનું અભિયાન પૂર્ણ થતા ગત તારીખ ૬ - જુલાઇ - ૨૦૧૪ નારોજ તમામ ગામોને વેદ સંહિતા (સેટ) તથા ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકા અર્પણ કરવાનો કાર્યક્રમ વઢવાણના મંગલ ભુવન હોલ ખાતે યોજવામાં આવ્યો. જેનું અધ્યક્ષ સ્થાન ગુજરાત પ્રાન્તીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ માનનીય શ્રી સુરેશચન્દ્ર અગ્રવાલે સાંભળ્યુ હતું. કાર્યક્રમમાં વિવિધ સંપ્રદાય અને સામાજિક સંસ્થાઓનાં વડાઓ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી પી. પી. સ્વામી (સુરેન્દ્રનગર), શ્રી કાલિદાસ મહારાજ (શિવ શક્તિ આનંદ આશ્રમ દેકાવાડા), શ્રી રામનારાયણદાસ મહારાજ (રામજી મંદિર, સુરેન્દ્રનગર), શ્રી સ્વામી શ્રદ્ધાનંદજી (નગરા આશ્રમ), શ્રી આચાર્ય રામદેવ શાસ્ત્રી (ઉપદેશક મહાવિદ્યાલય, ટંકારા), શ્રી ડૉ. કમલેશકુમાર શાસ્ત્રી (સંસ્કૃત વિભાગાધ્યક્ષ-ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ), શ્રી રણજિતસિંહ પરમાર (પ્રમુખ, બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભા, રાજકોટ), શ્રી હસમુખભાઇ પરમાર (મંત્રી, ગુજરાત પ્રાન્તીય આર્ય પ્રતિનિધિ સભા, ટંકારા) તેમજ વિશ્વ હિન્દુ પરિષદ, ગાયત્રી પરિવાર, સ્વાધ્યાય પરિવાર, પતંજલિ યોગ સમિતિ, બ્રહ્માકુમારી વગેરેના પ્રતિનિધિ મુખ્ય હતા.

પ્રારંભમાં શ્રી ચીમનભાઇ પટેલે વેદ પ્રચાર યાત્રા કઇ રીતે સમ્પન્ન થઇ, કોનો-કોનો સહયોગ રહ્યો તેની જાણકારી આપી હતી.

આ પ્રસંગે પોતાના ભાવ વ્યક્ત કરતા શ્રી પી. પી. સ્વામીએ જણાવ્યું કે વેદ આપણી સાંસ્કૃતિક એકતાનો નાદ છે. વેદ અપૌરૂષેય છે, તે સમસ્ત માનવજાતિ માટે છે. વૈદિક ધર્મ સૌથી પ્રાચીન છે. વેદમાં આવતો શાન્તિમન્ત્ર દુનિયાનાં કોઇ ધર્મોમાં નથી, તેવો મન્ત્ર છે. આજના યુગમાં બાળકોને તેમના માતા - પિતા જો વૈદિક ધર્મનું શિક્ષણ નહીં આપે તે બાળકો અધર્મી બની જશે. રાવણ-દુર્યોધન ધર્મ ભૂલ્યા અને માનવ જાતિ માટે કલંક બની ગયા. વિદેશી વિદ્વાનોએ પણ વેદ-ઉપનિષદનું ગૌરવ ગાન કરેલ છે. આપણે શા માટે વેદનું ગૌરવ નથી લેતા? એવો પ્રશ્ન તેઓએ અંતમાં કર્યો હતો. શ્રી કાલિદાસ મહારાજે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સૌનું ધ્યાન વૈદિક ધર્મ તરફ દોર્યું. મહર્ષિજીએ ગાયનું રક્ષણ કરવા જણાવ્યું હતું આપણે તેમના આદેશનું પાલન કરવા તત્પર બનીએ. આચાર્ય રામદેવજી (ટંકારા) એ પોતાના વકતવ્યમાં વેદોની ઉત્પત્તિની ચર્ચા કરતા જણાવ્યું કે આર્યસમાજમાં આવવાથી વેદ સાંભળવા મળશે, આથી વૈદિક ધર્મ સાથે જોડાઇ જશો.

શ્રી રામનારાયણદાસજીએ જણાવ્યું કે વેદ વિના ભારતીય જીવન ધારા અધૂરી છે. શ્રી સ્વામી શ્રદ્ધાનંદજીએ જણાવ્યું કે શ્રેષ્ઠ આચરણ જ પરમ ધર્મ છે, જેનું જ્ઞાન વેદોમાંથી મળે છે. વેદ પ્રચાર યોજના અને સનાતન ધર્મ યાત્રાની સંક્ષિપ્ત જાણકારી આપી હતી. ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીએ વેદોની ઉત્પત્તિ, રક્ષણ અને તેનુ મહત્ત્વ સમજાવ્યું હતું હજુ વિવિધ ગામોમાંથી પધારેલા આગેવાનોને વેદોનો સેટ અર્પણ કરવાની વિધિ સંપન્ન કરાવી હતી.

કાર્યક્રમનું સમાપન કરતા અધ્યક્ષશ્રી સુરેશચન્દ્ર અગ્રવાલે જણાવ્યું કે આપ સર્વેએ ખરેખર ખૂબ મોટુ કાર્ય કર્યુ છે. વેદનું કાર્ય એ ઇશ્વરનું કાર્ય છે. વેદ પ્રચારના આ કાર્યમાં ભાગ લેનાર તમામને હું અભિનંદન આપું છું. આ કાર્યમાં પ્રાંતીય સભા તરફથી તમામ પ્રકારનો સહયોગ આપવામાં આવશે. હવે પછીની ધર્મયાત્રા લીંબડી તાલુકાની રહેશે તેવી જાણકારી તેઓએ આપી હતી.

અનુસંધાન પાના નં. ૨ પર

आर्यसमाज के सिद्धान्त

# वेद का चरम लक्ष्य – पं० गंगाप्रसाद उपाध्याय

पीछले अंक का शेष भाग

व्याधि (बीमारी), स्त्यान (चंचलता), संशय, प्रमाद, आलस्य, अविरति (लोलुपात), भ्रान्ति दर्शन (भ्रम), उपलब्ध भमिकत्व (ढिलमिलपन), अनवस्थितत्व (चित्त की) एक–सी स्थिति न होगा।

यदि विचार करके देखा जाय तो संसार मे जो–जो और जहाँ जहाँ जीवनान्दोल हो रहे हैं, वे सब किसी न किसी 'अन्तराय' (विघ्न) के अन्तर्गत आ जाते हैं। मनुष्य नित्य इन्हीं अन्तरायों से युद्ध करता मिलता है। यदि उन अन्तरायों में से किसी की निवृति हो गई तो वह परम लक्ष्य की ओर चल पडता है, अन्यथा किसी अन्य अन्तराय के दलदल में फँस जाता है। उदाहरण लिजिए:–

आप मूर्तिपूजक थे। आपको पता नहीं था कि ईश्वर क्या है और कैसे पहचाना जाता है। आपने ऋषि दयानन्द या उनके किसी भक्त का उपदेश सुना। प्रमाद कम हुआ और आपको गायत्री की शिक्षा मिली। आपको चरम लक्ष्य कुछ–कुछ धुँधला–सा दीख पडा। आप समाज के सदस्य बन गए। एक अन्तराय यह हुआ। परन्तु आप बिमार शो गए या समाज के निर्वाचन के समय पार्टी बन्दी फंस गए या दम्भ–वृत्ति ने आ घेरा या लोभ में फँसकर उपदेशों को धन कमाने का साधन बनाने लगे, तो यह समझिए कि आपका चरम लक्ष्य आँख से ओजल हो गया। आपकी यात्रा जारी है, परन्तु परम लक्ष्य की ओर नहीं, अन्तरायों की निवृत्ति के लिए नहीं, अपितु उनको दृढ करने की ओर। इस प्रकार असंख्य जीव लस भवसागर की लहरों मे ऊपर अहर्निश उछलते रहते हैं। वे प्रपंच के भँवर में चक्कर लगाते हैं, परन्तु आगे नहीं बढते। इन भँवरों से निकलने के लिए वर्णाश्रम – धर्म की भिन्न–भिन्न प्रकार की मर्यादाएँ वेदों में दी हैं, वे भी लक्ष्य हैं, उन भँवरों में घिरे हुए जीवों के लिए। उनके परिपत्राण के वे मार्ग हैं। जिन्होंने उन लक्ष्यों का अवलम्बन किया, वे भँवर से बाहर आ गए और उनको आगे का लक्ष्य दीखने लगा। जो चूके, वे भँवर में फँस गए और न जाने कितने दिनों फँसे रहेंगे। वेदों ने चरम लक्ष्य बताया ओ३म् या विष्णुं का परमपद, क्योंकि इससे आगे तो जीव की गति ही नहीं। यह परा गति है। इस गति का सुन्दर वर्णन छांदोग्य उपनिषद् के आरम्भ में किया है –

एषां भूतानां पृथिवी रसः, पृथिव्या आपो रसो, ऽपामोषधयो रसः, ओषधीनां पुरुषो रसः, पुरुषस्य वाग्रसो,
वाच ऋग् रसः, ऋचः साम रसः, साम्न उद्गीथो रसः ।।
स एष रसानां रसतमः परमः पराध्योंऽष्टमो यदुद्गीथः।

यहाँ रस का अर्थ श्री शंकर स्वामी ने गति किया है। जिस प्रकार यात्रा में यात्री जो पग रखता है उसका लक्ष्य (या गति) अगला पग होता है, उसी प्रकार जगत् की जो वस्तु या व्यापार है वह अगली व्यवस्था की प्राप्ति के लिए है। वही उसकी गति है, मंजिल है, लक्ष्य है। सब भूतों के बनाने का प्रयोजन था पृथ्वी का बनाना। पृथिवि का प्रयोजन था जल। जल इसलिए बना कि ओषधियां बन जाएँ। ओषधियों को बनाने का प्रयोजन था पुरुष का शरीर पुरुष के शरीर की अगली गति है वाणी। वाणी इसलिए बनी कि ऋग्वेद का ज्ञान हो सके। ऋगादि के ज्ञान की अगली गति या मंजील है साम या स्तुति। साम का रस (गति या लक्ष्य) है ब्रह्म या ओ३म् कहा गया। इसलिए ओ३म् के परमपद को समस्त प्रपंच का रसतमः (चरम लक्ष्य) कहा गया यह 'परमा गति' है। इससे आगे गति नहीं।

इलाहाबाद से दिल्ली की जो यात्रा मैंने की उसका प्रत्येक भाग दिल्ली – यात्रा में शामिल है। ताँगा क्यों आया ? दिल्ली की प्राप्ति के लिए। टिकट क्यों लिया? दिल्ली के लिए। रेल में क्यों बैठे ? दिल्ली के लिए। खाना क्यों खाया? सोए क्यों? सब व्यापार दिल्ली के लिए। **दिल्ली गतीनां गतिः 'रसानां रसः' 'लक्ष्याणां लक्ष्यः' हो गया।**

इस परमपद तक पहुचने के लिए नाक की सीध, सीधा मार्ग नहीं है। अनेक मोड है। इन्हीं का नाम जीवन या प्रपंच है। परन्तु जो इस चरम लक्ष्य पर दृष्टि रखता है वह अवान्तर लक्ष्यों को पार कर जाता है। योग ने कहा कि – **'तत्प्रतिषेधार्थं एक तत्त्वाभयसः'** अन्तरायों को दूर करने के लिए ही चरम लक्ष्य पर दृष्टि रखना आवश्यक है।

जिन खोजा तिन पाइयाँ गहरे पानी पैठ।
मैं बौरी ढूँढन गई रही किनारे बैठ।।

किनारे मत बैठो! ढूँढते रहो, लक्ष्य तक पहुँच जाओगे।

---

# આર્યસમાજ મોરબી દ્વારા વૈદિક ગણિતનાં શિબિરો યોજાયા...

આપણે પ્રાચીન વારસો, તમામ વિચારધારાઓનું મૂળ અને સર્વસત્ય વિદ્યાઓનું પુસ્તક **વેદ**ને ઘર-ઘર સુધી પહોંચાડવા આર્યસમાજ કૃત સંકલ્પ છે. આર્યસમાજ મોરબીએ તાજેતરમાં વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી **વૈદિક ગણિત**નાં શિબિરોનું આયોજન કર્યુ. જેનો લાભ મોરબીની શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓએ લીધો હતો. તા.૨૬-૫ થી ૪-૬-૨૦૧૪ અને તા.૧૭-૬ થી ૨૪-૬-૨૦૧૪ સુધી આર્યસમાજ મંદિરમાં શિબિરો યોજાયા જેનો લાભ અનુક્રમે ૨૪ અને ૪૨ વિદ્યાર્થીઓએ લીધો હતો. ત્રીજો શિબિર મોરબીની કોમર્સ કોલેજમાં તા.૧૪-૭ થી ૨૩-૭-૨૦૧૪ ના સુધી યોજાયો. જેનો લાભ ૩૧ વિદ્યાર્થીઓએ લીધો હતો.

ઉલ્લેખનીય છે વૈદિક ગણિત એ ઝડપી ગણતરીઓની જાદુઇ પદ્ધતિ છે. જે પ્રાચીન ભારતીય સિદ્ધાંતો ઉપર આધારિત છે. કોમ્પ્યુટર કે કેલ્ક્યુલેટરનો આશ્રય લીધા વગર વિદ્યાર્થીઓને ગણતરી કરવામાં મદદરૂપ બને છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ખૂબ જ ઉપયોગી થાય છે. તેઓ આત્મવિશ્વાસી અને તેજસ્વી બને છે.

શિબિરોમાં વિષય નિષ્ણાંત તરીકે પ્રા.હિતેષભાઇ પુરોહિતે સેવા આપી હતી. તમામ શિબિરાર્થીઓને આર્યસમાજ મોરબી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવેલ હતાં.

શિબિર વ્યવસ્થા બકુલભાઇ ત્રિવેદી, નિર્મલ સાહેબ અને વિજયભાઇ રાવલે સંભાળી હતી.

---

પાના નં. ૧ પરનું ચાલુ...

અંતમાં શ્રી પુનીત રાવલે આ કાર્યક્રમમાં પધારેલ તથા યાત્રામાં સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

ભોજન વિરામ બાદ શોભાયાત્રા નીકળી હતી, જેમાં સુસજ્જિત રથોમાં વેદ સંહિતાઓ સાથે જે તે ગામના આગેવાનો બિરાજ્યા હતા. યાત્રાને શ્રી સુરેશચન્દ્ર અગ્રવાલ અને અન્ય મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું હતું. શોભાયાત્રા મંગલભુવનથી નીકળી સુરેન્દ્રનગરની બજારોમાં ફરી હાટકેશ્વર મંદિરે પહોંચી હતી.. જ્યાંથી દરેક ગામોનાં રથ પોતે-પોતાના ગન્તવ્ય સ્થાને જવા રવાના થયા હતાં. ગામોમાં પહોચ્યાં બાદ ત્યાંનાં સ્થાનિક લોકોએ ગામોમાં સ્વાગત યાત્રા યોજી હતી.

સમગ્ર યાત્રા અને વેદ વિતરણ કાર્યક્રમનું સંયોજન આર્યબંધુજી અને આર્યસમાજ સુરેન્દ્રનગર કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક કર્યુ હતું.

## इस मास के विशिष्ट व्यक्ति

## राजस्थान – केसरी – देशभक्त – कुँ. चाँदकरण जी शारदा

ऐसा कौन आर्य होगा जिसने आपका नाम न सुना होंगा। आपका जन्म आषाढ कृष्णा २ सम्वत १९नफफ४५ विक्रमी तदनुसार १८८८ इ० को राजस्थान प्रान्त के सुप्रसिद्ध नगर अजमेर में हुआ। आपके पिता स्व० रावसाहब रामबिलास जी शारदा ऋषि दयानन्द के परम भक्त थे।

आपके चाचा दीवान बहादुर हरबिलास जी शारदा अङ्गरेजी के सुविख्यात लेखक व शारदा एक्ट के विधायक, परोपकारिणी सभा के मन्त्री थें। यह गौरव की बात है कि शारदा परिवार सारा ही रूढिवाद से, छूत छात तथा परदा प्रथा से बिलकुल अलग था। आपके भाई डाक्टर मानकरणजी शारदा एक मिलनसार व्यक्ति व उत्साही कार्यकर्ता थे। डाक्टर साहब कई वर्षों तक आर्य मार्तुणडकौ संपादन का कार्य अवैतनिक कर रहे।

शारदा जी अङ्गरेजी व संस्कृत दोनों भाषाओं के ख्याति प्राप्त विद्वान थे साथ साथ कानून के भी एक यशस्वी विद्वान थे। आप अजमेर हाईकोर्ट के एडवोकेट थे। सन् १९२० इ: में आप अपनी हजारों रुपये की आमदनी की वकालत छोडकर देश सेवा में संलग्न हुए।

सन् १९२० इ० मे असहयोग आन्दोलन में आपने अभूतपूर्व त्याग के साथ कार्य किया। राजस्थान प्रान्तीय कांग्रेस के प्रधाान की हैसियत से आपने आन्दोलन का नेतृत्व किया जिसमें ६ महीने का कारावास भोगा। जेल से छुटने के पश्चात आप अमर शहीद स्वामी श्रद्धानन्दजी महाराज के साथ शुद्धि आन्दोलन में सम्मिलित हुए और ४०हजार मलखानों की शुद्धि करके वैदिक धर्म के भक्डके नीचे लाये। अखिल भारतीय आर्य कुमार परिषद के वर्षों मन्त्री रहे। अ० भा० देशी राज्य लोक परिषद के महामंत्री पद को सुशोभित किया, मारवाड प्रजा परिषद के प्रधान रहे, राजपूताना मध्यभारत देशी राज्य लोक परिषद के प्रधान मन्त्री रहे। राजेस्थान मालवा आर्य प्र० नि० सभा की स्वर्ण जयन्ती महोत्सव के प्रचार मन्त्री रहे। सन् १९३२ में श्री दयानन्द निर्वाणकाल अर्द्ध शताब्दी महोत्सव के प्रचार मन्त्री रहे। किसान सभा अजमेर, लेवर, युनियन अजमेर, होमरुल अजमेर के प्रधान रहे। सी० पी० और बरार महेश्वरी काफ्रेन्स, हिगनघाट, गुजरात प्रान्तीय हिन्दू काफ्रेन्स, अहमदाबाद नारी रक्षा कान्फ्रेस, सी० पी० बरार आर्य कान्फ्रेस पीतमपुर, आर्य धर्म परिषद रंगून, बर्म्मा, हिन्दू कोन्फ्रेस दिल्ली, काश्मीर जम्मु हिन्दू कोन्फ्रेन्स आदि के प्रधान पदों को सुशोभित किया। अखिल भारत वर्षीय हिन्दू महासभा के वर्षों तक उप प्रधान रहे।



नागपुर में होनेवाला गोरक्षा सम्मेलन के सभापति पद को सुशोभित किया। अ०भा० माहेश्वरी नवयुवक परिषद पंडरपपुर के सभापति, अ०भा० नवजीवन मण्डल अजमेर के स्वागताध्यक्ष तथा अनेकों सभा सम्मेलनों के सभापति और महामन्त्री रहकर आपने देश और समाज की सेवा की।

आप हिन्दी के उच्च कोटि के लेखक थे। आपके ओजपूर्ण लेख हिन्दी के समाचार पत्रों में छपते रहते है। आपके कोलेज होस्टल नामक उपन्यास के कई संस्करण निकल चुके थे और विद्यार्थियों में बडे चाव से पढा जाता था। आपकी लिखी शुद्धि विषयक पुस्तक विद्वानों द्वारा प्रमाणित ग्रन्थ है।

आप राजस्थान व मालवा प्रॉंत के चमकते हुए सूर्य थे, हिन्दू आर्य जाति के सिंह थे। जहां कहीं जिस समय हिन्दू आर्य जाति पर विधर्मियों द्वारा अत्याचार होता है आप तुरन्त ही वहाँ पहूंचते थे। सन् १९३९ के हैद्राबाद में आर्य सत्याग्रह प्रारम्भ हुआ, और सत्याग्रह के प्रथम सर्वाधिकारी पूज्ययाद महात्मा नारायण स्वामी जी महाराज ने राजस्थान प्रांत से द्वितीय डिक्टेटर की मांग की। राजस्थान व मालवा प्रान्तीय आर्य प्र० नि० सभा अजमेर ने राजस्थान केसरी देशभक्त कुँवर चाँदकरण जी शारदा का नाम इस सार्वजनिक कार्य के लिये दिया।

इस प्रांत का यह परम सौभाग्य रहा कि आर्य तथा हिन्दू जाति के जीवन मरण स्वरूप निजाम हैदराबाद में आर्य सत्याग्रह के प्रारम्भ होते ही सारे देश की एकमात्र विभूति श्री महात्मा नारायण स्वामी जी के पश्चात इसी प्रांत को अपना सर्वाधिकारी प्रदान करने का सुअवसर प्राप्त हुआ। राजस्थान प्रांत अन्याय और अत्याचार का सदैव संहार करता आया है, और इसी प्रांत की चप्पा चप्पा भूमि आज भी रक्त रंजित हुई पुकार पुकार कर इस चिरसत्य को घोषित कर रही है। श्री महात्मा नारायण स्वामी जी ने अपने बाद शारदा जी को द्वितीय डिरेक्टर घोषित किया। आपके गिरफ्तार होते ही राजस्थान केसरी देश भक्त कुँवर चाँदकरण जी शारदा तारीख २ फरवरी से आर्य सत्याग्रह के द्वितीय डायरेक्टर (सर्वाधिकारी) के रूप में खाना हुए। अजमेर में आपको बहुत शान के साथ विदाई दी गई। मार्ग में सर्वत्र स्टेशनों पर आर्य व हिन्दूओं द्वारा आपका भव्य स्वागत किया गया। अजमेर से जिस ट्रेन से आप रवाना हुए वह अजमेर आर्य पुरूषों द्वारा पुष्प मालाओं से लाद दी गई। राजस्थान प्रांत के नर केसरी ता. ५ मार्च १६९६ ई० फाल्गुन शु: १५ होली के पवित्र दिवस पर गुलवर्गा में सत्याग्रह करते गिरफ्तार हुए। निजाम के जेलों में असह्य कष्टों को सहन कर के आपने अपूर्व वीरता का परिचय दिया। आप छ: मास का कारावास भोग कर जेल से रिहा हुए। आर्य जगत् ने आपका व आपके साथियों का अपूर्व स्वागत किया। आपने निजाम साहब के घूटने टिका दिये और आर्य जगत की विजय हुई।

ता.६–७–८ मार्च सन् १६४६ ई० को सुजानगढ (बीकानेर) में होने वाले राजस्थान प्रान्तीय आर्य सम्मेलन के सभापति पद को आपने ही सुशोभित किया। सुजानगढ की आर्य जनता ने आपका पूर्व स्वागत किया। स्टेशन पर ३ हजार नर–नारियों ने पुष्ण मालाओं से व जयघोष के साथ स्वागत किया।

इस समय आप आर्य प्र० नि० सभा राजस्थान व मालवा के प्रधान हैं तथा सार्वदेशिक आर्य प्र० नि० सभा देहली के उपप्रधान है, व अ० भा० हिन्दू महासभा के प्रधान मन्त्री है। वर्तमान में सिन्ध प्रान्त से सत्यार्थ प्रकाश की पाबन्दी को हटाने के लिये सार्वदेशिक आर्य प्र० नि० सभा ने अपनी ३ नवम्बर की बैठक में यह घोषणा कर दी है कि सत्यार्थ प्रकाश की पाबन्दी को हटाने के लिए सत्याग्रह किया जावेगा जिसके सर्वाधिकारी आर्य जगत के प्राण महात्मा नारायण स्वामी जी होगें। इस सत्याग्रह में भी राजस्थान केसरी सिन्ध गवर्नमेंन्ट से लोहा लेने को राजस्थानी आर्य वीरों के जत्थेका नेतृत्व करते हुए शिघ्र ही रवाना होने वाले है। परमात्मा आपकी विजय करें।

# અમદાવાદમાં યોજાઈ વેદકથા
# સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકે આપ્યું વેદજ્ઞાન

અમદાવાદ શહેરની આર્યસમાજો દ્વારા સંયુક્ત રીતે વૈદિક ધર્મ પ્રચારનાં કાર્યક્રમો સતત ચાલતા રહે છે. કાર્યક્રમોની વ્યવસ્થા વૈદિક સંસ્થાન ઓઢવનાં ઉત્સાહી યુવા કાર્યકર્તાઓ ઉત્તમ રીતે કરે છે. જેનો લાભ સેંકડો લોકો લે છે. જેમાં સૌથી વિશેષ સંખ્યા એવાં લોકોની હોય છે કે જેઓ વૈદિક ધર્મ અને આર્યસમાજથી અપરિચિત હોય છે. તેમજ ઉચ્ચ અધિકારી અને મોટા પ્રતિષ્ઠિાનોમાં ફરજ બજાવતા મહાનુભાવો હોય છે.

પ્રચાર કાર્યક્રમોની પરંપરામાં ગત તા.૧૮-૧૯-૨૦ જુલાઈ – ૨૦૧૪ ના ત્રિદિવસીય વેદકથાનું આયોજન **શહીદ મંગલપાંડે હોલ** (ઓઢવ) ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકની વાણીનો લાભ મળ્યો હતો. પૂ. સ્વામીજીએ યજુર્વેદના ૪૦ માં અધ્યાયને કેન્દ્રમાં રાખી વેદજ્ઞાન વહેવડાવ્યું. શંકાસમાધાન પણ રાખવામાં આવ્યું હતું.

# वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड में
# उपनिषद् तथा वेदान्त दर्शन अध्ययन का स्वर्णिम अवसर...

अध्यात्म जगत् में उपनिषद् एवं वेदान्तदर्शन ग्रन्थ का महत्वपूर्ण स्थान है। उप = समीप, नि = निश्चय से, षद् = बैठना। उपनिषद् का अर्थ हुआ आत्मा परमात्मा के समीप बैठने = जानने की विद्या। प्रत्येक उपनिषद् में आत्मा-परमात्मा के विषय में विशेष चर्चा के साथ-साथ मनुष्य जीवन का लक्ष्य, उद्देश्य, उस लक्ष्य की प्राप्ति के उपाय, विधि-विधान, साधक-बाधकों की विस्तृत चर्चा, योगी के लक्षण (आचरण) अध्यात्म-साधना (योगाभ्यास) का महान् लाभ अध्यात्म रहित का परिणाम आदि का वर्णन है, जिसको पढकर अध्यात्म पिपासु आनन्द से गद्गद् हो जाता है।

वानप्रस्थ साधक आश्रम, आर्यवन रोजड में पीछले एक वर्ष से अष्टाध्यायी, व्याकरण आदि वेदाङ्गों का अध्ययन-अध्यापन ऋषि प्रणाली से चल रहे हैं। इसी श्रृंखला में आध्यात्मिक उन्नति का अनुपम तथा साधना के रहस्यमय ग्रन्थ ग्यारह उपनिषद् एवं तत्पश्चात् सम्पूर्ण वेदान्तदर्शन (ब्रह्मसूत्र) का अध्यापन ऋषि पद्धति से वेदानुकूल व्याख्या सहित नियमितरूप से स्वामी मुक्तानन्द परिव्राजक (व्याकरणचार्य, दर्शनाचार्य) द्वारा वानप्रस्थ साधक आश्रम में अतिशीघ्र प्रारम्भ होने जा रहा है। अध्यात्म प्रेमी महानुभाव इस अवसर का लाभ उठावें तथा अन्य परिचितों को भी सूचना देवें।

इन ११ उपनिषदों व वेदान्तदर्शन अध्ययन में लगभग ८-९ मास लगेंगे। इसके साथ-साथ प्रतिदिन सन्ध्या, हवन, आत्मनिरीक्षण, समय-समय पर अनेक मुर्द्धन्य विद्वानों के दार्शनिक प्रवचन एवं योगनिष्ठ गुरुवर्य स्वामी सत्यपति जी का सान्निध्य, प्रेरणा व उपदेश भी प्राप्त होगा। संस्कृत से अनभिज्ञ विद्यार्थियों को साथ-साथ संस्कृत पढाने की व्यवस्था भी रहेगी। गुरुकुलीय दिनचर्या, पूर्ण अनुशासन, योगाभ्यास व आध्यात्मिक ग्रन्थ अध्ययन में रुचि रखने वाले विद्यार्थी अपना पूर्ण परिचय, नाम, आयु, पता, दूरभाष संख्या, शैक्षणिक योग्यता आदि **vaanaprastharojad@gmail.com** पर भेजे अथवा व्यवस्थापक, वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड, पो. सागपुर, जि. साबरकांठा, गुजरात – ३८३३०७ पर पत्र व्यवहार करें। सायं **07:30** से **08:00** बजे **+91 94264 08026** में संपर्क करे तथा सुबह **09:00** से सायं **06:00** बजे कार्यालय में संपर्क हेतु **02770-287417, 94270 59550.**

# આવો, પરિચય કરીએ...
# મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**આ અંકથી મહર્ષિ દયાનંદ સરસ્વતી રચિત ગ્રન્થોનો ટૂંકો પરિચય કરાવવામાં આવશે. પરિચય કરાવશે...કુ. કંચન આર્યા (નવી દિલ્લી)**



**:: સંધ્યા ::**

ગુરુ વિરજાનંદ પાસેથી વિદ્યાધ્યયન પૂર્ણ કર્યા બાદ આગ્રા નિવાસ દરમ્યાન **સ્વામી દયાનંદ સરસ્વતીએ** સર્વપ્રથમ **સંધ્યા** પુસ્તકની રચના કરી.




આ પુસ્તકના અંતમાં લક્ષ્મીસૂક્ત હતું. પુસ્તક ની ૩૦,૦૦૦ (તીસ હજાર) નકલો આગ્રાના જવાલા પ્રકાશ પ્રેસમાં છપાવવામાં આવેલ હતી. જેનું ખર્ચ રૂા. દોઢ હજાર થયું હતું. જે શેઠ રૂપલાલ નામના એક ભક્તે વહન કર્યુ હતું. પુસ્તકની કિંમત એક આનો રાખવામાં આવેલ હતી. જો કે વર્તમાનમાં આ પુસ્તકની એક પણ પ્રત ઉપલબ્ધ નથી.

## સત્યાર્થપ્રકાશ (ગુજરાતી)નું ૨૫મું સંસ્કરણ પ્રકાશિત થશે.. અગ્રિમ ગ્રાહક બનવા અપીલ

વાનપ્રસ્થ સાધક આશ્રમ - રોજડના વૈદિક વાઙ્મય પ્રકાશન વિભાગ દ્વારા સત્યાર્થ પ્રકાશ (ગુજરાતી ભાષા) નું ૨૫મું સંસ્કરણ પ્રકાશિત કરવામાં આવનાર છે.

પડતર કિંમત (લગભગ રૂા. ૫૦) માં વિતરિત કરવામાં આવશે.

આર્ય ધર્મપ્રેમીઓ તથા આર્યસમાજની સંસ્થાઓને અગ્રિમ ગ્રાહક બની પ્રકાશનમાં સહયોગ આપવા જણાવવામાં આવે છે.

ઓછામાં ઓછી ૧૦૦ પ્રતના અગ્રિમ ગ્રાહક થનારનાં નામ અને સરનામા પુસ્તકમાં છાપવામાં આવશે.

સંપર્ક :
વ્યવસ્થાપક શ્રી રણસિંહજી આર્ય, વૈદિક વાઙ્મય પ્રકાશન,
આર્યવન, રોજડ.
મુ.પો. સાગપુર, જિ. સાબરકાંઠા
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫
મો. ૯૪૨૭૦ ૫૯૫૫૦
Email : vaanprastharojad@gmail.com

## વિવાહ યોગ્ય આર્ય યુવક-યુવતી પરિચય સંમેલન

ઉપરોક્ત સંમેલનમાં ભાગ લેવા માટે આવેદન પત્ર ભરવાની તારીખ ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૪ સુધી લંબાવવામાં આવેલ છે. આ સંમેલનમાં ગુજરાત બહાર વસતા આર્યો પરિવારો પણ ભાગ લઇ શકશે.

## આર્યસમાજ ટંકારા દ્વારા વેદપ્રચાર અભિયાન

પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ આર્યસમાજ ટંકારા દ્વારા વેદપ્રચાર અભિયાન ગત તારીખ : ૨૬-૭-૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે. જે આશરે બે માસ સુધી ચાલશે.

દરરોજ અલગ-અલગ પરિવારોંમાં યજ્ઞ સત્સંગ દ્વારા વેદજ્ઞાન આપવામાં આવે છે. જેનો લાભ બહોળી સંખ્યામાં લોકો લે છે.

## વૈદિક ગુરૂકુલ ભવાનીપુર (કચ્છ) નો વાર્ષિક ઉત્સવ સમ્પન્ન

શ્રી નિત્યાનંદ શિવાનંદ સરસ્વતી યોગ નિકેતન ટ્રસ્ટ સંચાલિત સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરૂકુલ, ભવાનીપુર (કચ્છ) નો વાર્ષિક ઉત્સવ ગત તા.૧૧ જુલાઇ થી ૧૩ જુલાઇ ૨૦૧૪ ના યોજાઇ ગયો. તા. ૧૧ ના રાત્રે ભવ્ય સંતવાણી તથા તા. ૧૨ ના ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી.



મુખ્ય કાર્યક્રમ તા.૧૩ રવિવવારના રોજ સવારના ૯ થી આરંભ થયો. જેમાં યજમાન ૨૧ યજ્ઞ કુંડો ઉપર યજમાન પરિવારો બિરાજમાન થયા. જેમાં મુખ્ય યજમાન શ્રી જગદીશભાઇ કેસરાણી (નખત્રાણા) સપત્નીક રહ્યા હતાં.આ પ્રસંગ ગુરૂકુલના આચાર્ય સ્વામી શાંતાનંદ સરસ્વતીએ સૌ યજમાનોને પોતાના પરિવારમાં નિયમિત યજ્ઞ કરવા પ્રેરણા આપી હતી.

યજ્ઞ બાદ ઉપસ્થિત મહાનુભાવોએ પોતાનાં વિચારો વ્યક્ત કર્યા હતા. ગુજ. પ્રા. આ. પ્ર. સભાના મહામંત્રી શ્રી હસમુખભાઇ પરમારે ભારત દેશની રાજકીય ગુલામી અને સાંસ્કૃતિક પતનના કારણોની ચર્ચા કરી આર્યસમાજની સ્થાપના અને તેનો પ્રભાવ વર્ણવ્યો હતો. તેમજ આજે વિશ્વ ફલક પર આર્યસમાજના વિસ્તાર અને કાર્યોની જાણકારી આપી હતી. તાલુકા પંચાયતના પ્રમુખશ્રી મુલરાજભાઇ ગઢવીએ જોશિલી ભાષામાં ગુરૂકુલનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહેલ ગુજરાત રાજ્યના મંત્રી શ્રી તારાચંદભાઇ છેડાએ વૈદિક ગુરૂકુલ સાથેના પોતાનાં જૂના સંભારણા રજૂ કરી સંત શ્રી ઓધવરામજીનાં ગુણોને જીવનમાં ઉતારવા પ્રેરણા આપી હતી. તેઓ શ્રી એ અછતની પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા થયેલ આયોજનની જાણકારી આપી હતી. આ તકે શ્રી તારાચંદભાઇનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવેલ હતું.



ગુરૂકુળ સાથે આત્મીયતાથી જોડાયેલાં બ્ર. અરુણકુમાર આર્યવીર એ પોતાના પ્રવચનમાં વૈદિકધર્મનાં એક અને નિરાકાર ઈશ્વરની ઉપાસનાની સમજ આપી હતી. તેઓએ જણાવ્યું કે મહાપુરુષોનાં ચરિત્રની પૂજા કરીએ ચિત્રની નહીં. મહા પુરુષો ભગવાન રામ, ભગવાન કૃષ્ણ વગેરેના ચિત્રો / મૂર્તિઓ પૂજવાથી તેમનાં ગુણો આપણાં જીવનમાં ઉતારવાથી દૂર રહીએ છીએ.

કાર્યક્રમમાં શ્રી રણજીતસિંહ પરમાર (પ્રમુખ બૃ. સૌ. આ. પ્રતિ. સભા-રાજકોટ), શ્રી અરવિંદ રાણા (તંત્રી અગ્નિપથ સાપ્તાહિક), ગાંધીનગર, શ્રી વસંત કરસનદાસ ચાંદ્રા (ચેરમેન, P.W.D. ગાંધીધામ નગરપાલિકા), શ્રી દેવજીકરશન મંત્રે (ઉપપ્રમુખ શ્રી ભવાનીપરુ પ્રગતિ મંડળ), શ્રી શંભુભાઇ નંદા (પ્રમુખ, ભુજ ભાનુશાળી, મહાજન), આર્યસમાજ માંડવી, આર્યસમાજ, નખત્રાણા, આર્યસમાજ, મોરબી, આર્યસમાજ, ટંકારા, આર્યસમાજ રાજકોટ વગેરેના પ્રતિનિધિ ગણ, આચાર્ય વિરેન્દ્રજી (ભૂજોડી), ગુરુકુળના ટ્રસ્ટી ગણ, વિવિધ ગામોમાં સરપંચશ્રીઓ, શાળાઓના આચાર્યશ્રીઓ વગેરે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને પોતાના મનોભાવ વ્યક્ત કર્યા હતા. ગુરુકુળનાં ટ્રસ્ટી મંડળે ગુરૂકુળના વિકાસ માટેની યોજનાઓ રજુ કરી હતી. જેને સૌએ વધાવી લીધો હતો.

આ પ્રસંગે ગુરૂકુળના આચાર્ય સ્વામી શાંતાનંદ સરસ્વતીએ પોતાના સર્વસ્વત્યાંગની ભાવના વ્યક્ત કરીને અમર શહીદ સ્વામી શ્રદ્ધાનંદની યાદ તાજી કરાવી હતી. તેઓએ પોતાનાં વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ વૈદિક ગુરૂકુળમાં શિબિર વગેરે કાર્યો માટે હોલની જરૂર છે. આ ગુરૂકુળ વૈદિક પરંપરાને આગળ વધારી રહ્યું છે. તેથી વેદોના ઉદ્ધારક મહર્ષિ દયાનંદનું નામ આ હોલ સાથે જોડવામાં આવે તેવી મારી ઇચ્છા છે. હોલ અંગેના અંદાજિત ખર્ચ રૂા. આઠ લાખ માટે અપીલ કરતા તે જ સમયે રૂા. પાંચ લાખ જેટલી રકમો વિવિધ દાતાઓના સહયોગથી નોંધાઇ ગઇ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામી શાંતાનંદજી સમગ્ર કચ્છમાં વૈદિક વિચારધારાનો સતત પ્રચાર કરતા રહે છે. ગુજરાતમાં અને ગુજરાત બહાર પણ પ્રચારાર્થે ભ્રમણ કરે છે.

## સંક્ષિપ્ત સમાચાર...

આણંદ જિલ્લાના વિદ્યાર્થીઓમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિ, સભ્યતા, ઇતિહાસ અંગેનું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત થાય. આપણી પ્રાચીન ધરોહર સમા ચાર વેદ અંગેની સાચી સમજ મળે તથા યોગ દ્વારા શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિ કેળવાય તેવા ઉમદા હેતુથી આણંદ જિલ્લાની શાળાઓ પૈકી – કુમાર અને કન્યાશાળા – નાવલી ખાતે તા.૦૨-૦૭-૨૦૧૪ ના રોજ વેદ પ્રવેશ પરીક્ષાનું આયોજન આર્યસમાજ આણંદ દ્વારા શ્રી કેતનભાઇ જે. પટેલ નાવલીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યું. આ લેખિત પરીક્ષામાં કન્યાશાળા નાવલીની ધોરણ – ૫ અને ૬ ની કુલ ૪૮ વિદ્યાર્થીનિઓએ તેમજ કુમાર શાળા નાવલીના ધોરણ – ૬ થી ૮ સુધીના કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બંને શાળાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને સંસ્થા તરફથી (પાંચ પુસ્તકો)ના સાત સેટ તા.૦૪-૦૭-૨૦૧૪ના રોજ સંસ્થાઓએ આપીને પુરસ્કૃત કર્યા હતા તથા વિદ્યાર્થી-ભાઇબહેનોને અભિનંદન સહ ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

સંસ્થાના માનદ્‌મંત્રીશ્રીએ આણંદ જિલ્લાની દરેક શાળા કોલેજોમાં સ્મૃતિ-પ્રતિભા વિકાસ શિબિર-યોગ શિબિર-વેદ પ્રવેશ પરીક્ષા – હવન સામગ્રી પ્રદર્શન – પર્યાવરણની શુદ્ધિ માટે વૈદિક યજ્ઞ – સેફટી સેમિનાર – પ્રેરક પ્રવચન વગેરે યોજવા તેમજ સ્કુલની લાયબ્રેરી માટે વૈદિક સાહિત્ય મેળવવા હેતુ આર્ય સમાજ આણંદનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા જનઉપયોગી સામાજિક અને શૈક્ષણિક સેવાકીય પ્રવૃતિઓ વર્ષ દરમ્યાન અવિરત થતી રહે છે, તેના ભાગરૂપે સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધો.૧ માં પ્રવેશપાત્ર બાળકોમાં શિક્ષણ પ્રત્યે રૂચિ તેમજ ઉત્સાહ વધે અને બાળકો શાળામાં નિયમિત ભણતા થાય તેવા ઉમદા હેતુથી તા.૧૧ થી ૧૭ જુન ૨૦૧૭ દરમ્યાન **શાળા પ્રવેશોત્સવ – ૨૦૧૪** પ્રસંગે પરા વિસ્તારમાંથી અતિ ગરીબ બાળકો ભણવા આવતા હોય તેવી પછાત વિસ્તારની આણંદ જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૫૦૦ થી વધુ શૈક્ષણિક કીટ (સ્કૂલ બેગ, સ્લેટ અને સ્લેટ પેન) નું વિતરણ કરવામાં આવ્યું.

ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદની વિદ્યાર્થી સહાયની ઉમદા કામગીરીને સૌ શાળા પરિવારે સહર્ષ વધાવી હતી અને સંસ્થાનો આભાર માન્યો હતો તથા વર્ષો વર્ષ આ પ્રવૃત્તિ આબાદરૂપે ચાલતી રહે તેવી ઇચ્છા વ્યક્ત કી હતી, તેવું સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી અશોકભાઇ પટેલે જણાવ્યું હતું.

## આર્યસમાજ રાજકોટ દ્વારા બ્ર. અરૂણજીનાં આધ્યાત્મિક પ્રવચનો યોજાયા...

ગત તા. ૨૩ થી ૨૭ જુલાઇ દરમ્યાન બ્ર. અરૂણકુમાર આર્યવીરના આધ્યાત્મિક પ્રવચનો આર્યસમાજ રાજકોટનાં નવા ભવન માયાણીનગર ખાતે રાખવામાં આવેલ હતાં. તેઓએ યોગ-ધ્યાનની વિધિ પણ સમજાવેલ હતી. જેનો લાભ બહોળી સંખ્યામાં ભાઇ-બહેનો-બાળકોએ લીધો હતો. તેમના પ્રવચનો શાળાઓમાં પણ રાખવામાં આવેલ હતા.

## આર્યસમાજ આણંદનાં વિવિધ કાર્યક્રમો

આણંદ જિલ્લાના વિદ્યાર્થીઓમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિ, સભ્યતા, ઇતિહાસ અંગેનું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત થાય. આપણી પ્રાચીન ધરોહર સમા ચાર વેદ અંગેની સાચી સમજ મળે તથા યોગ દ્વારા શારીરિક, માનસિક તથા આયાત્મિક ઉન્નતિ કેળવાય તેવા ઉમદા હેતુથી આણંદ જિલ્લાની શાળાઓ પૈકી ગો. જો. શારદા મંદિર વિદ્યાનગર ખાતે તા.૦૫-૦૭-૨૦૧૪ના રોજ વિદ્યાર્થીઓને યોગાસન – ધ્યાન – પ્રાણાયામની ઘનિષ્ઠ તાલીમ યોગ પ્રશિક્ષક શ્રી કેતનભાઇ પટેલ નાવલીએ આપી હતી. આ પ્રસંગે ગો. જો. શારદા મંદિરની લાયબ્રેરી માટે સંસ્થાએ આચાર્યશ્રીને અગિયાર નવા છપાયેલા વૈદિક પુસ્તકો અર્પણ કર્યા હતા. ગો.જો. શારદા મંદિર વિદ્યાનગર ખાતે ગત વર્ષોમાં બે વાર સ્મૃતિ પ્રતિભા વિકાસ શિબિરનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું, જેનું સુંદર પરિણામ પ્રાપ્ત થયું હતું.

આર્યસમાજ આણંદના પ્રાંગણમાં ગુરૂઓનાં ગુરુ અને સૃષ્ટિના આદિમા વેદજ્ઞાન આપનાર પરમપિતા પરમેશ્વરની મહિમા ગાન સાથે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

પં. વિજયકુમાર સિધ્ધાંતાચાર્યના બ્રહ્મા સ્થાને યજ્ઞ સંપન્ન થયો હતો. જેના યજમાન કેતનભાઇ પટેલ (નાવલી) બિરાજ્યા હતા. આ પ્રસંગે શાખા આર્યસમાજો પૈકી ચીખોદરા, કુંજરાવ, સારસા, અડાસ, કરમસદ, સિંહોલ, મેઘવા, ભાલેજ, અજુપુરા, ખોખોરા, મોગર, વિદ્યાનગર, સામરખા વગેરે સ્થાનોએથી આશર દોઢસોથી વધુ આર્ય-ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધ હતો. આ પ્રસંગે પં. વિજયકુમારે ગુરુમહિમા સમજાવ્યો હતો. પ્રથમ ગુરુ પરમાત્મા છે બીજા ગુરુ માતા-પિતા છે, ત્રીજા ગુરુ આચાર્ય (શિક્ષક) છે.

કાર્યક્રમના અંતમાં પ્રીતિભોજન રાખવામાં આવેલ હતું.

## આચાર્ય સત્યજિતજી આર્યનો સૌરાષ્ટ્રમાં વેદપ્રચાર... બહોળી સંખ્યામાં લોકોએ લીધો લાભ

૧. આર્યસમાજ મોરબી ખાતે આચાર્ય સત્યજિતજીનું જાહેર પ્રવચન તા.૨૬-૭-૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ હતું. ભારતીય દર્શન ઉપર આધ્યાત્મિક પ્રવચનનો લાભ શહેરની ધર્મપ્રેમી જનતાએ લીધો હતો.

૨. આચાર્યજીનું આધ્યાત્મિક પ્રવચન – વૈદિક મહાસભા દ્વારા તા.૨૭-૭-૧૪ના પ્રાતઃકાળે આત્મીય કોલેજ રાજકોટ ખાતે યોજવામાં આવેલ હતું. જેનો વિષય હતો – **ધર્મ અને વ્યવહાર.**

૩. તા.૨૭-૭-૧૪ના સાયંકાલીન સમયે આર્યસમાજ પોરબંદર ખાતે આધ્યાત્મિક પ્રવચન યોજવામાં આવેલું હતું. જેનો વિષય હતો – **મનુષ્ય જીવનનું મુખ્ય લક્ષ્ય શું છે?**

**વૈચારિક ક્રાંતિ માટે સત્યાર્થ પ્રકાશ વાંચો.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | ■ | 2 | | | | ■ |
| | | | ■ | ■ | | | | | ■ |
| | | | | ■ | | | | | |
| | | | ■ | ■ | | | | | ■ |
| ■ | ■ | ■ | ■ | ■ | 4 | | | ■ | ■ |
| 3 | | | ■ | ■ | | | | | |
| | | | | ■ | | | | | ■ |
| | | | | ■ | | | | | ■ |

**દરેક આડી લાઇન :**

૧. ચાર આશ્રમો ક્યાં ક્યાં છે ?
 ૪ - ૩ - ૪ - ૩

૨. ચાર ઉપવેદ ક્યાં ક્યાં છે ?
 ૪ - ૪ - ૪ - ૪

૩. ભોજનનાં ત્રણ પ્રકારો ક્યાં-ક્યાં છે ?
 ૩ - ૪ - ૩

૪. ચાર વેદ ક્રમમાં એ રીતે ગોઠવો જેની મંત્રોની સંખ્યા ઉપરથી નીચે ઘટતી આવે.

---

**આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.**

## ::: આર્યવૈદિક દર્શન અંગે સૂચના :::

- આર્યવૈદિક દર્શનનું નવા વર્ષ ૨૦૧૪-૧૫ નું વાર્ષક લવાજમ રૂા. ૧૦૦/- દરેક ગ્રાહકોને મોકલી આપવા વિનંતી.
- જે ગ્રાહકોનું પાછલા વર્ષનું લવાજમ બાકી હોય તેમણે બે વર્ષનું લવાજમ સાથે મોકલવું.
- લવાજમ મનીઓર્ડર વડે જ નીચેના સરનામે મોકલવું.

**પ્રવીણભાઇ ઠાકર**
વ્યવસ્થાપક
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, હાથીખાના,
**રાજકોટ**

## चाणक्य नीति

जानीयात् भाषणेभृत्यान्, बान्धवान् व्यसनाऽऽगमे ।
मित्रं चाऽऽपत्ति कालेषु, भार्या च विभवक्षये ।।

बोलचाल से सेवक की पहचान करें, झंझट के समय में भाई-बन्धुओं की और आपत्ति के समय मित्र की पहिचान होती है तथा पत्नि धन का अभाव होने पर पहचान जाती है।

**(पद्यार्थ) ।। दोहा ।।**

भृत्यु वही अति सुन्दर बोल, सदा मन में सुख शान्ति बढाये।
बन्धु वही दु:ख दारुण में, दु:ख देख न पैर पिछारी हटाये।
मित्र वही जब आपद होय, डटे दिल खोल न बात बताये,
नारि वही धन नाश भये, सब काम बिना बकवाद चलाये ।।

--------------------------------

आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे, शत्रु संकटे।
राजद्वारे श्मशाने च, यस्तिष्ठति स बान्धव: ।।

भारी दु:ख आने पर, किसी प्रकार के अचानक संकट मे फँस जाने पर शत्रुओं से युद्ध होने पर, राज्य न्यायालय आदि में जाने पर, स्मशान में किसी आत्मीय व्यक्ति की मृत्यु होने पर, जो सदा साथ रहेता है। वही बन्धु होता है।

**(पद्यार्थ) ।। दोहा ।।**

विपदा के बादल घिरें, हो अकाल का काल,
व्याकुलता मन की हरे, संकट को दे टाल।
राजा का दरबार हो, या मरघट सुनशान,
सदा साथ देता रहे, बन्धु उसी की जान ।।

--------------------------------

**આપના સમાચાર પત્ર દ્વારા નીચેના સરનામે મોકલવા વિનંતી.**
**આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા.**
**જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦**

**આપના સમાચાર અને ફોટોગ્રાફ નીચેના ઈ-મેઈલ આઈડી પર મોકલવા નમ્ર વિનંતી.**

alpaprinters@yahoo.com
geniuscomputertankara@gmail.com
aryasamaj.tnk@gmail.com

**ગુજરાત પ્રાન્તીય આર્ય પ્રતિનિધિ સભાનું ઈ-મેઈલ એડ્રેસ**

gujaratsabha@gmail.com

## શબ્દકોઠાનો ઓગષ્ટ -૧૪ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | ગ્નિ | ઋ | ગ્વે | દ | ■ | 2 રા | જ | ધ | ર્મ |
| વા | યુ | ય | જુ | ર્વે | દ | ■ | 3 સા | ત્વિ | ક |
| આ | દિ | ત્ય | સા | મ | વે | દ | ■ | 4 ગં | ગા |
| અં | ગી | રા | અ | થ | ર્વ | વે | દ | ■ | ■ |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | 5 ક | ર્મ |
| 6 આ | ગ | મ | કા | લ | ■ | 7 ધ | ર્મા | ત્મા | ■ |
| સ્વા | ધ્યા | ય | કા | લ | ■ | 8 પુ | રુ | ષા | ર્થ |
| પ્ર | વ | ચ | ન | કા | લ | ■ | 9 વિ | દ્વા | ન |

# આર્યાભિવિનય

### મહર્ષિ દયાનંદ સરસ્વતી

देवो देवानामसि मित्रो अद्भुतो वसुर्वसूनामसि चारुरध्वरे।
शर्मन्तस्याम तव सप्रथस्तमेऽग्ने सख्ये मा रिषामा वयं तव॥
॥४८॥ ऋ० १.६.३२.१३

**વ્યાખ્યા :** હે મનુષ્યો! તે પરમાત્મા કેવા છે કે જેની આપણે સ્તુતિ કરીએ? હે અગ્નિ પરમેશ્વર! આપ દેવઃ દેવાનામસિ દેવો (પરમ વિદ્વાનો) ના પણ દેવ (પરમ વિદ્વાન) છો તથા તેઓ (વિદ્વાન)ને પરમ આનંદ આપનાર છો તથા अद्भूत અત્યંત આશ્ચર્યરૂપ મિત્ર, સર્વ સુખકારક સર્વના સખા છો. वसु० पृथ्वी વગેરે વસુઓને પણ વાસ કરાવનાર છો તથા अध्वरे જ્ઞાન આદિમાં યજ્ઞમાં चारु અત્યંત શોભાયમાન છો અને શોભા આપનાર છો.

હે પરમાત્મન! सप्रथस्तमे सख्ये शर्मणि तव આપના અતિ વિસતાર પામેલા, આનંદ સ્વરૂપ સખા (મિત્રો) નાં કાર્યોમાં અમે સદા સ્તિર રહીએ, કે જેથી અમને કદી પણ દુઃખ ન થાય અને આપના અનુગ્રહ (દયા)થી અમે પરસ્પર અપ્રીતિયુક્ત કદી પણ ન બનીએ.




## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

– મદન રહેજા



**અંધ વિશ્વાસ** – શ્રાવણ માસના શ્રવણ નક્ષત્રમાં ઘરની બહાર શ્રવણ નક્ષત્રનું ચિત્ર બનાવી તેને પ્રસાદ ધરવાથી ઘરમાં ખુશાલી જળવાઇ રહે છે.

**નિવારણ** – શ્રવણ નક્ષત્ર કોઇએ જોયું છે? શું નક્ષત્રો એટલાં નાના હોય છે કે જેને દિવાલ ઉપર ચોંટાડી શકાય ? શું નક્ષત્ર ચેતન વસ્તુ છે? આ બધાં પ્રશ્નો ઉપર વિચાર કરવાથી શ્રવણ નક્ષત્રની ઘરમાં સ્થાપના વાત કેટલી કાલ્પનિક અને ખોટી છે તેનો ખ્યાલ આવે છે. પોતે જ પોતાની જાતને છેતરવા જેવું છે. આપણાં દેશમાં કેટલી ગરીબી છે! જે લોકો ઝૂંપડા બાંધીને રહે છે, દૂર-દૂર જંગલોમાં રહે છે, પહાડો પર રહે છે શું એ લોકોની સ્થિતિથી તમે પરિચિત છો? આપણાં દેશમાં કરોડો લોકો એવાં છે કે જેઓને દિવસમાં બે વખત ભોજન પણ મળતું નથી એવા સમયે ચિત્રોને ભોજન કરાવવું ઉચિત છે?

આપણે આવા નિર્ધન-લાચાર લોકોની દશા તરફ ધ્યાન નથી આપતા અને અંધવિશ્વાસમાં અટવાઇને જડ વસ્તુઓને ભોગ લગાવીએ છીએ. ચેતન પ્રાણી ભૂખ્યા ભટકે અને જડ પદાર્થોને ભોગ ધરાવવા શું એ ગરીબીની મશ્કરી નથી. ? ગરીબોનાં પેટનો ખાડો પૂરીશું તો તેમનાં આશીર્વાદ મળશે, જડ ચિત્રોની પાસે ભોગ ધરવાથી તો અન્નદેવનું પણ અપમાન છે. જો ભૂખ્યાને ભોજન કરાવીશું તો પુણ્ય મળશે અને ઘરમાં ખુશાલી ફેલાશે; અને સમૃદ્ધિ વધતી જશે.

દીવાલને શું ખબર છે કે તમે શું કરી રહ્યા છો, દીવાલના બદલે ઘરના આંગણામાં કોઇ ખાદ્ય પદાર્થ નાંખશો તો કીડી, કૂતરા વગેરે જરૂર તૃપ્ત થશે. કારણકે એ **बलिवैश्वदेव यज्ञ**નું જ સ્વરૂપ છે. પરંતુ તેના બદલે ગ્રહો-નક્ષત્રોને ખવડાવીશું તો તે કંઇ ગ્રહણ કરશે અને આપના ઘરમાં ખુશાલી છવાસે તે માત્ર અંધવિશ્વાસ સિવાઇ બીજુ કંઇ નથી.

જ્યારથી ચિત્રપૂજા શરૂ થઇ છે ત્યારથી આપણાં દર્શની ગુલામોનો કાળ શરૂ થયો છે. વર્તમાનમાં હજુ પણ કહેવાતી ભક્તિના નામે કથાકારો, પંડિતો, પૂજારીઓ આપણી ભાવુક પ્રજાની આ કીચડમાં વધુને વધુ ફંસાવતા જાય છે.

BOOK-POST

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**પ્રતિ,** ______________________

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद E : gujaratsabha@gmail.com की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानन्द मार्ग, कांकरिया, अहमदाबाद–३८००२२ से प्रकाशित,
• सम्पादक–सुरेशचन्द्र अग्रवाल • सहसम्पादक : हसमुख परमार – ९८७९३ ३३३४८ • व्यवस्थापक : प्रविण ठाकर – ९४२८२ ०२४५८